







## દર વર્ષે નવા પાકને કંસરી માતાને અર્પણ કરવાની આદિવાસીઓની પરંપરા હજુ પણ જીવંત

ભાનાવાડી ગામના કંસારિયા ફળિયામાં ગ્રામજનો દ્વારા પરંપરાગત ગામદેવની ઉજવણી કરવામાં આવી છે. આ ઉત્સવમાં ચોમાસા દરમિયાન ખેતીમાંથી પાકેલું નવું ધાન્ય કાકા બળિયાદેવને અર્પણ કરવામાં આવ્યું હતું. ગામના પૂજારી દ્વારા પરંપરાગત પૂજા કરી 'કંસરી દેવી' સહિત કાળિયામેઘ, ધરતીમાતા, પવનદેવ, સૂરજદાદા સહિત સમગ્ર પ્રકૃતિનો ઋણ ચૂકવી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે સાથે આખું ગામ, પશુઓ, ખેતીવાડીમાં સુખાકારી અને નોકરી-ધંધામાં સફળતા મળે એ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ ઉત્સવ આખા ગામનો હોવાથી ગામનાં બધા જ લોકો સામૂહિક રીતે જોડાય છે. આ દિવસે સામૂહિક ભોજન માટે ભંડારાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ભાતીગળ સાંસ્કૃતિક વિરાસત ધરાવનાર આદિવાસીઓ પોતાની જીવન જીવવાની શૈલી અને વિશિષ્ટતા માટે સમગ્ર વિશ્વમાં અનુઠો તરી આવે છે. આદિવાસી સમાજના જીવનનો મુખ્યત્વે આધાર કૃષિ છે. ખેતીમાં મેળવવામાં આવતું ધાન્ય ફક્ત અનાજ જ દાણો નહીં પરંતુ 'કણી કંસરી' દેવીશક્તિ તરીકે માને છે. કૃષિમાંથી અન્ન મેળવવા જે વસ્તુ, સાધનો કે તત્ત્વોનો ઉપયોગ કરવામાં આવે છે તેથી પ્રકૃતિ સહિત ખેતીનાં ઓજારો તરીકે હળ, વખર, કરબ, ગાડુ, ત્રિકમ-પાવડો, દાતરડાં વગેરે સાધનોને પણ દેવો તત્ત્વ તરીકે માની તેની પૂજા કરવાની અનોખી પરંપરા જોવા મળે છે. આ ઉત્સવ કણીકંસરી(અનાજ)નો ઉત્સવ હોવાથી સવારથી ગ્રામપંચ દ્વારા ધાર્મિક દાન સ્વરૂપે ઘરદીઠ ફંડફાળો પણ એકત્રિત કરે છે. આ ફંડ-ફાળામાંથી દેવપૂજનની વિવિધ સામગ્રીઓ, દેવની નવી મૂર્તિ સહિત ભંડારાનું આયોજન કરવામાં આવતુ હોવાથી શાકભાજી, મરી મસાલો પણ ખરીદવામાં આવે છે. ગામના બધા જ લોકો નક્કી કરેલો ફંડો-ફાળો આપી ધન્યતા અનુભવે છે. આ ગામ દેવતાના ઉત્સવમાં ફૂલોની હારમાળા નહીં, પરંતુ નવા પાકેલા ડાંગરની હારમાળા બનાવી અર્પણ કરવામાં આવે છે. જ્યારે આ હારમાળા બનાવવામાં આવે છે ત્યારે કંઠીઓના નવ ઝૂમખા યોગ્ય અંતરે રાખી બનાવવામાં આવે છે. દેવ સહિત ઘરના દરવાજા પાસે પણ આ હારમાળા લગાવવામાં આવે છે.

## ગામમાં સ્થાનિક રસ્તા પર ગરનાળા બનાવવાની કામગીરીમાં કોન્ટ્રાક્ટરની વેઠ!





ભાનાવાડી ગામમાં ગામઠાણ ફળિયામાં તેમજ ડેરી ફળિયામાં રસ્તા પર 2023-24માં મંજૂર થયેલા ગરનાળા હાલમાં જ બનાવવામાં આવ્યા છે. ગરનાળા બનાવવાની કામગીરીમાં કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર વેઠ ઉતારી ગરનાળા ઠોકી બેસાડવામાં આવ્યા છે. ત્યારે ગામમાં કોન્ટ્રાક્ટરની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. ગામઠાણ ફળિયામાં બંધ પડેલ ક્વોરી પાસે થોડા દિવસ પહેલાં બનાવવામાં આવેલ ગરનાળાનું તકલાદી બાંધકામ અહીં તસવીરમાં જોઈ શકાય છે. ત્યારે તંત્ર દ્વારા ગામમાં ગરનાળા સહિત રસ્તા તેમજ અન્ય વિકાસનાં કામોને લઈને સ્થળ તપાસ હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.



## ગામલોકોનો મુખ્ય વ્યવસાય ખેતી

ભાનાવાડી ગામમાં મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગામમાંથી ઉકાઇ ડાબા કાંઠા વિભાગની લોટરવા ડિસ્ટ્રિબ્યુટ પેટા કેનાલ પસાર થતી હોય જેમાંથી ખેડૂતોને સિંચાઈનું પાણી ઉપલબ્ધ છે. તેમજ ગામમાંથી પસાર થતી લોકલ ખાડી પણ ગામના તેમજ આસપાસના વિસ્તારના ખેડૂતો માટે આશીર્વાદસમાન બની રહે છે. ખેતીમાં મુખ્યત્વે ખેડૂતો ડાંગર, શેરડી, ભીંડા સહિતના પાકની ખેતી પર નિર્ભર છે. તેમજ પશુપાલન ગામ લોકો માટે જીવનનિર્વાહ માટેનું ઉત્તમ સંસાધન બન્યું છે.





## ગામઠાણ ફળિયામાં પાણીની ટાંકી છેલ્લા એક મહિનાથી બંધ

ગામઠાણ ફળિયામાં પાણીની ટાંકી છેલ્લાં એક મહિનાથી મોટર બગડતાં બંધ પડી છે. જેને કારણે ફળિયામાં લોકોને પાણીની સમસ્યા સર્જાઈ છે. એક મહિનો વીતવા છતાં મોટર રિપેર કરવામાં ન આવતાં આગામી દિવસોમાં પાણીની સમસ્યા વધુ વકરે તેમ હોય તંત્ર દ્વારા વહેલી તકે મોટર રિપેર કરી ફળિયામાં પાણીની હાલાકીને દૂર કરવામાં આવે તે જરૂરી બન્યું છે.




## લોકનાથ અમૃતાલય

ભાનાવાડી ગામમાં ગામઠાણ ફળિયામાં સ્વાધ્યાય પરિવાર દ્વારા સંચાલિત લોકનાથ અમૃતાલય પણ આવેલું છે. કહેવાય છે કે, ગામમાં લોકનાથ અમૃતાલયની પહેલ વહેલી શરૂઆત 1977-78ની સાલમાં એક ખાનગી ઘરમાં કરવામાં આવી હતી. ત્યારબાદ 1998માં લોકનાથ અમૃતાલયની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં ગામ લોકો વચ્ચે એકતા જાળવી રાખવા અને લોકો વચ્ચે સંબંધો મજબૂત રાખવાના ઉદ્દેશથી સવાર-સાંજ નિયમિત પ્રાર્થના કરવામાં આવે છે. ખાસ કરીને રામનવમી, ગીતા જયંતી તેમજ જન્માષ્ટમી નિમિત્તે અહીં વિશેષ ઉજવણી કરવામાં આવતી હોવાનું કહેવાય છે.




## લોકલ ખાડી પરના લો લેવલ કોઝવેના સ્થાને ઊંચો પુલ બનાવવા માંગ

ગામઠાણ ફળિયામાં સ્મશાન પાસે લોકલ ખાડી પર આવેલા લો લેવલ કોઝવે પર દર વર્ષે ચોમાસા દરમિયાન પૂરનું પાણી ફરી વળતાં લોકોને વ્યારા તરફ જવા-આવવા માટે હાલાકી વેઠવી પડે છે. લોકોને અવરજવર માટે લાંબો ચકરાવો લેવો પડે છે, ત્યારે અહીં ઊંચો પુલ બનાવવામાં આવે તો ભાનાવાડી ગામ સહિત વાલોડ તાલુકાના ધામોદલા-બેડકૂવા તરફ કાયમી અવરજવર કરતાં લોકોને પણ મોટી રાહત થશે. ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે અહીં ઊંચો પુલ બનાવવાની યોજના પર વિચાર કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઊઠી છે.

## ભાનાવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી સેન્ટર-1

ભાનાવાડી ગામમાં બે જગ્યાએ દૂધડેરી આવેલી છે, જેમાં ગામઠાણ ફળિયામાં ગામની મુખ્ય ડેરી આવેલી છે. જે ઘણાં વર્ષોથી કાર્યરત છે, જેમાં હાલ 100 જેટલા સભાસદો છે. આ ડેરીમાં દરરોજ 1000 લિટર દૂધની આવક થાય છે. 1983ની સાલમાં ગામના 109 જેટલાં સભાસદોના પરસ્પર સહકારથી ડેરીની સ્થાપના કરવામાં આવી હતી. તેમ છતાં આજે મંડળીમાં હાલ માત્ર 116 જેટલા સભાસદો છે. ત્યારે મંડળીના વહીવટને લઈને મોટા ભાગના સભાસદોમાં અંદરોઅંદર અસંતોષની લાગણી પણ પ્રવર્તે છે તેવું મનાય છે.

## સુમુલ સખી ડેરી ફાર્મ ભાનાવાડી

કોરોના કાળ દરમિયાન 2020માં માર્ચ મહિનામાં ભાનાવાડી ગામે સુમુલ સખી ડેરી ફાર્મ ઊભું કરવામાં આવ્યું હતું. હાલ આ ડેરી ફાર્મમાં ગાય-ભેંસ સહિત કુલ 216 પશુ પાળવામાં આવી રહ્યા છે. પશુઓની દેખરેખ અને સારસંભાળ લેવા માટે સુમુલના 1 ડોક્ટર, 1 સુપરવાઈઝર સહિત 3 કર્મચારી ભાનાવાડી ગામની સખીમંડળની કુલ 33 બહેનો ફરજ બજાવે છે. જેઓ દ્વારા ફાર્મના દરેક પશુઓને નિયમિત રીતે ખોરાક-પાણી ઘાસચારો પૂરો પાડવામાં આવે છે અને દરેક પશુની વિશેષ કાળજી લેવામાં આવે છે. ISO પ્રમાણિત આ સુમુલ સખી ડેરી ફાર્મમાં હાલ દરરોજ 800 લિટરથી વધુ દૂધનું ઉત્પાદન મેળવવામાં આવી રહ્યું છે. સુમુલ ડેરીના ઉપક્રમે ભાનાવાડી ગામે વર્ષ-2020માં છ પહેલાં ગામઠાણ ફળિયામાં સખીમંડળના નામે સુમુલ સખી ડેરી ફાર્મની સ્થાપના કરવામાં આવી હતી, જેમાં શરૂઆતનાં ત્રણ વર્ષ સુધી ડેરી ફાર્મનું સંચાલન અને સમગ્ર વહીવટ સુમુલ પોતે સંભાળશે અને ત્યારબાદ ડેરી ફાર્મનો વહીવટ તેમજ સંચાલન ગામની સખીમંડળની બહેનોને સોંપવામાં આવશે તેવી સુમુલ તંત્ર દ્વારા સખીમંડળ બહેનોને ખાતરી આપવામાં આવી હતી. જો કે, ડેરી ફાર્મ શરૂ થયા બાદ આગામી માર્ચ મહિનામાં છ વર્ષ પૂર્ણ થશે.



## કંસારિયા ફળિયામાં ચાલતું ભાનાવાડી દૂધ ઉત્પાદક સહકારી દૂધમંડળીનું સેન્ટર-2

કંસારિયા ફળિયામાં ભાનાવાડી દૂધ ઉત્પાદક સહકારી દૂધમંડળી સેન્ટર-2ની સ્થાપના ફેબ્રુઆરી-2022માં કરવામાં આવી હતી. ડેરીમાં શરૂઆતમાં 54 સભાસદ હતા. આજે 220 જેટલા સભાસદો થઈ ગયા છે અને હાલ દરરોજ સવાર-સાંજ 1900 લિટર દૂધની આવક થઈ રહી છે. હાલ ડેરીમાં સુભાષભાઈ બાબુભાઈ ગામીત ડેરીના પ્રમુખ તરીકે તેમજ જિતેન્દ્રભાઈ ગણપતભાઈ ગામીત મંત્રી તરીકે ફરજ બજાવી રહ્યા છે.









(માહિતી સંકલન અને તસવીર: હેમંત ગામીત, વ્યારા)